હંગામી જગ્યાઓને
કાયમી કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ WCDD/EMR/e-file/23/2023/0073/K (Establishment)
સચિવાલય, ગાંધીનગર.
તા. ઈ-સાઈન મુજબ

વંચાણે લીધાં :-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૪-૦૧-૨૦૦૨નો ઠરાવ ક્રમાકઃ મહય -૧૦૨૦૨૧-૩૩૬૯-છ.૧

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૨૪-૦૩-૨૦૦૯ના ઠરાવ ક્રમાંક : મકમ-૧૦૨૦૦૨-૪૮-ક

(૩) નાણા વિભાગના તા.૨૭-૦૬-૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/2022/2282/Z.1

(૪) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૧૯/૦૨/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક : WCDD/EMR/e-file/23/2023/0073/K (Establishment)

(૫) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૩૦/૦૯/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક : WCDD/EMR/e-file/23/2023/0073/K (Establishment)

(૬) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૨૦/૦૩/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક : WCDD/EMR/e-file/23/2022/0002/K

આમુખ:

સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧-૧૨-૨૦૦૧ના જાહેરનામા અન્વયે મહિલા અને બાળ વિકાસ વિભાગની સચિવાલયના નવા વિભાગ તરીકે રચના થતા આ નવા વિભાગ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમ (૧) થી કુલ ૩૩ જગ્યાઓનું મહેકમ મંજૂર કરવામાં આવેલ હતું. આ ૩૩ જગ્યાઓ પૈકી કુલ-૮ કાયમી થયેલ જગ્યાઓ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાંથી આ વિભાગમાં કામગીરી સહિત તબદીલ થયેલ છે. વંચાણમાં લીધેલ ક્રમાંકઃ (૨)ના આ વિભાગના ઠરાવથી વિભાગની કુલ-૧૭ જગ્યાઓને કાયમી કરવામાં આવેલ છે. વંચાણમાં લીધેલ ક્રમાંકઃ (૪)ના આ વિભાગના ઠરાવથી વિભાગની કુલ-૬ જગ્યાઓને કાયમી કરવામાં આવેલ છે. જેમાં ટાઈપીસ્ટ ૦૨ તથા સા.ફ.કા. ૦૧ કાયમી થયેલ જગ્યા રદ થયેલ છે. વંચાણમાં લીધેલ ક્રમાંકઃ (૫)થી વિભાગની ઇ.૧ શાખાની એક(૧) નાયબ સેકશન અધિકારીની કાયમી કરવામાં આવેલ છે.

નાણા વિભાગના ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંક (૩)ના ઠરાવથી વિભાગોની ત્રણ વર્ષથી વધુ સમયથી અસ્તિત્વમાં હોય તેવી હંગામી જગ્યાઓ કે જે ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ભરાયેલ હોય તેવી જગ્યાઓ કાયમી કરવા પાત્ર ઠરે છે કે કેમ તેની સમીક્ષા કરવા અને સમીક્ષાના અંતે કાયમી કરવાપાત્ર થતી હોય તે બધી જ હંગામી જગ્યાઓને કાયમી કરવા માટે સૂચના આપવામાં આવેલ છે. તેના અનુસંધાને આ વિભાગની હંગામી જગ્યાઓની માહે જૂન-૨૦૨૫ અંતિત સમીક્ષા કરતા ઉપ સચિવ-૦૧, નાયબ સેકશન અધિકારી-૦૧ મંજૂર થયેલ કુલ-૨ હંગામી જગ્યાઓ કે જે છેલ્લા ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ભરાયેલ છે તે હંગામી જગ્યાને કાયમી જગ્યામાં રૂપાંતર કરવાની બાબત તથા વિભાગ ખાતે મંજૂર થયેલ કાયમી જગ્યાનો સંકલિત ઠરાવ બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:-

પુખ્ત વિચારણાને અંતે, ઉપ સચિવ- ૦૧, નાયબ સેકશન અધિકારી-૦૧ ની હંગામી જગ્યા કે જે ૩ વર્ષ કરતાં વધુ સમયથી અસ્તિત્વમાં છે અને ભરાયેલ છે તે કાયમી કરવાપાત્ર હોઈ ઉપ સચિવ- ૦૧, નાયબ સેકશન અધિકારી-૦૧ એમ કુલ ૦૨ હંગામી જગ્યાને કાયમી જગ્યામાં રૂપાંતર કરવાની મંજૂરી આપવામાં આવે છે, હાલની ૦૨ જગ્યા ઉપરાંત અગાઉ વખતોવખતના ઠરાવોથી વિભાગની સંવર્ગવાર મંજૂર થયેલ કાયમી જગ્યાની વિગતો ધ્યાને લેતાં હાલની સ્થિતિએ વિભાગ ખાતેની કાયમી જગ્યાઓ નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજુર થયેલ જગ્યા | કાયમી થયેલ જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | સચિવ | વર્ગ-૧ | ૧ | ૧ |
| ૨ | નાયબ સચિવ | વર્ગ-૧ | ૪ | ૩ |
| ૩ | ઉપસચિવ | વર્ગ-૧ | ૪ | ૨ |
| ૪ | સેકશન અધિકારી | વર્ગ-૨ | ૮ | ૪ |
| ૫ | સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૧, | વર્ગ-૨ | ૨ | ૨ |
| ૬ | નાયબ સકેશન અધિકારી | વર્ગ-૩ | ૨૧ | ૧૫ |
| ૭ | સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૨ | વર્ગ-૩ | ૩ | ૨ |
| ૮ | પટાવાળા | વર્ગ-૪ | ૯ | ૨ |
| | કુલ | | ૫૨ | ૩૧ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રી(મ.બા.વિ.)ના પરામર્શમા આ વિભાગના સચિવશ્રીની તા.૦૧-૦૩-૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હાર્દિક વી. ભીલ)
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(ગ.૨ સેલ), સામાન્ય વહિવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(ખ.૧ શાખા), સામાન્ય વહિવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ
- રોકડ શાખા (૨-નકલ), મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
- સિલેકટ ફાઈલ.

Signature Not Verified

Signed by:H V Bhil
Under Secretary
Date:2026.03.10
12:15:09 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign